# ગ્લોબલ વોર્મિંગ સામે સુરત વન વિભાગની 'ગ્રીન વોલ'

**5 વર્ષમાં** 580 કરોડ લિટર પાણીનો સંગ્રહ, દરિયાકિનારે 720 હેક્ટરમાં મેન્ગ્રોવ્સનું કવચ બનાવ્યું

સુરતઃ ગ્લોબલ વોર્મિંગ અને ક્લાઈમેટ ચેન્જના ગંભીર પડકારો વચ્ચે સુરત વન વિભાગે પ્રકૃતિ આધારિત ઉપાયો દ્વારા દક્ષિણ ગુજરાતમાં જળ અને જમીન સંરક્ષણની ક્રાંતિ સર્જી છે. સુરત ફોરેસ્ટ ડિવિઝનની 7 રેન્જ (ઉમરપાડા, વડપાડા, વાંકલ, માંડવી નોર્થ, માંડવી સાઉથ, ડુમસ અને મહુવા)માં ચાલી રહેલા સઘન પ્રયાસોના કારણે ન માત્ર પર્યાવરણની રક્ષા થઈ રહી છે, પરંતુ સ્થાનિક આદિવાસી અને ગ્રામીણ સમુદાયોને મોટાપાયે રોજગારી પણ મળી રહી છે.

વન વિભાગ દ્વારા હાથ ધરાયેલા 'રિજ ટુ વેલી' (Ridge to Valley) એપ્રોચ અને સોઈલ એન્ડ મોઈશ્ચર કન્ઝર્વેશન (SMC)ના કાર્યોને કારણે આસપાસના ગામોમાં ભૂગર્ભ જળ સ્તરમાં 1થી 1.5 મીટર સુધીનો નોંધપાત્ર વધારો નોંધાયો છે. છેલ્લા પાંચ વર્ષમાં વન વિભાગે જંગલ વિસ્તારોમાં પાણી રોકવા અને જમીનમાં ઉતારવા માટે વૈજ્ઞાનિક પદ્ધતિથી એરિયા ટ્રીટમેન્ટ અને લાઇન ટ્રીટમેન્ટનું સુનિયોજિત આયોજન કર્યું છે. ક્લાઈમેટ ચેન્જના કારણે અરબી સમુદ્રમાં વાવાઝોડાંનું જોખમ વધ્યું છે, ત્યારે ડુમસ સહિતના દરિયાઈ પટ્ટા પર સુરત વન વિભાગે કુદરતી ઢાલ તૈયાર કરી છે. છેલ્લા ૫ વર્ષમાં રેકોર્ડબ્રેક ૭૨૦ હેક્ટર જમીન પર મેન્ગ્રોવ્સ પ્લાન્ટેશન (તીવરના જંગલો) કરવામાં આવ્યું છે. દર હેક્ટરે અંદાજે ૧૬,૦૦૦ મેન્ગ્રોવ્સના છોડ વાવીને દરિયાઈ ધોવાણ અટકાવવા અને જૈવવિવિધતા (બાયોડાયવર્સિટી કન્ઝર્વેશન)ના જતન માટે મોટો સક્સેસ ગ્રાઉન્ડ તૈયાર કરાયો છે.

### આ વર્ષે 82 કરોડ લિટર પાણીનો સંગ્રહ કરવાનો લક્ષ્ય

વન સંરક્ષણ અધિકારી ધીરજકુમારે જણાવ્યું કે, માત્ર ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ દરમિયાન જ અંદાજે ૮૨ કરોડ લિટર પાણીનો સંગ્રહ કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. આ સાથે જ વોટરશેડ મેનેજમેન્ટ હેઠળ ચાલુ વર્ષે ૧,૫૦,૦૦૦ રનિંગ મીટર (RMT) જેટલા લાંબા કન્ટીન્યુઅસ કોન્ટૂર ટ્રેન્ચ (CCT), બાઉન્ડ્રી ટ્રેન્ચ અને સ્ટેગર્ડ ટ્રેન્ચ બનાવવામાં આવ્યા છે, જે વરસાદી પાણીને વહી જતું અટકાવી સીધું જમીનમાં ઉતારશે.

**5 વર્ષમાં થયેલા SMC કાર્યો**

ચેકડેમ : 170
વન તળાવ : 215
હિલટોપ ટેન્ક અને પર્ક્યુલેશન પોન્ડ: 55
ગેબિયન સ્ટ્રક્ચર : 25

### આદિવાસી સશક્તિકરણ અને ગ્રામીણ રોજગારી

વન વિભાગના આ કાર્યો માત્ર પ્રકૃતિ પૂરતા મર્યાદિત નથી, પરંતુ તે સ્થાનિક આદિવાસી અને ગ્રામીણ પરિવારો માટે આજીવિકાનું મોટું સાધન બન્યા છે. વર્ષ ૨૦૨૬-૨૭ દરમિયાન જંગલ વિસ્તારોમાં ચાલેલી વનીકરણ અને જળ સંચયની કામગીરીથી સ્થાનિક સ્તરે અંદાજે ૧,૧૫,૦૦૦ માનવદિનની રોજગારી ઊભી કરવામાં આવી છે. આના કારણે ગ્રામીણ વિસ્તારોમાંથી થતું સ્થળાંતર અટક્યું છે અને આદિવાસી સમુદાય આર્થિક રીતે સશક્ત બન્યો છે.

# ગેરકાયદે ઝીંગા તળાવો દૂર કરવાની કામગીરી તેજ

ખજોદ ગામે મંત્રી ઈશ્વરસિંહ પટેલે સ્થળ મુલાકાત લઈ સમીક્ષા કરી

સુરતઃ સુરત શહેર અને આસપાસના વિસ્તારોમાં ચોમાસા દરમિયાન સર્જાતી પાણી ભરાવાની સમસ્યાના નિરાકરણ માટે ગુજરાત સરકાર દ્વારા મહત્ત્વપૂર્ણ પગલાં લેવામાં આવી રહ્યા છે. સરકારી જમીન પર ગેરકાયદે રીતે બનાવવામાં આવેલા ઝીંગા તળાવો વરસાદી પાણીના કુદરતી વહેણમાં અવરોધ ઊભો કરતાં હોવાથી અનેક વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ સર્જાતી હતી.

આ સમસ્યાને ગંભીરતાથી ધ્યાનમાં લઈ ગુજરાત સરકારના સિંચાઈ વિભાગ દ્વારા આવા ગેરકાયદે દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. હાલમાં ચોર્યાસી વિધાનસભા વિસ્તારમાં સમાવિષ્ટ ખજોદ ગામ ખાતે મશીનરીની મદદથી ઝીંગા તળાવો દૂર કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. ગુજરાત સરકારના જળસંપત્તિ અને પાણી પુરવઠા વિભાગના મંત્રી ઈશ્વરસિંહ પટેલે ખજોદ ગામની સ્થળ મુલાકાત લઈ કામગીરીની સમીક્ષા કરી હતી. મંત્રીએ અધિકારીઓ પાસેથી કામગીરીની વિગતવાર માહિતી મેળવી વરસાદી પાણીના વહેણને અવરોધતા તમામ ગેરકાયદે દબાણો સમયસર દૂર કરવા જરૂરી સૂચનો આપ્યા હતા.

મંત્રીએ જણાવ્યું હતું કે ચોમાસા દરમિયાન શહેરમાં પાણી ભરાવાની સમસ્યા ઘટાડવા માટે કુદરતી નાળા અને પાણીના વહેણને ખુલ્લો રાખવો અત્યંત જરૂરી છે. સરકારી જમીન પર થયેલા ગેરકાયદે ઝીંગા તળાવો અને અન્ય દબાણોને કારણે પાણીની નિકાસ પ્રભાવિત થતી હોવાથી સરકાર દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે વરસાદી પાણીના ઝડપી નિકાલ માટે તંત્ર દ્વારા સંકલિત આયોજન કરવામાં આવી રહ્યું છે અને આગામી દિવસોમાં પણ આવી કામગીરી સતત ચાલુ રહેશે. આ મુલાકાત દરમિયાન સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિના અધ્યક્ષ રાજનભાઈ પટેલ સહિત સંબંધિત વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજ્યના કેટલાક વિસ્તારમાં 43 ડિગ્રી તો અન્ય સ્થળે વરસાદ

**સુરેન્દ્રનગરના** સાયલામાં 2.32 તો મહિસાગરના કડાણામાં 1 ઈંચ વરસાદ

**રાજકોટમાં** 43, અમરેલી કંડલામાં 42 અને ડીસામાં 41 ડિગ્રી તાપમાન



અમદાવાદ : ગુજરાતમાં પ્રી-મોન્સૂન ગતિવિધિઓ તેજ બનતા હવામાન વિભાગે 5 અને 6 જૂન માટે રાજ્યના અનેક જિલ્લાઓમાં યલો એલર્ટ જાહેર કર્યું છે. હવામાન વિભાગના અનુમાન મુજબ ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છ તથા કેન્દ્રશાસિત પ્રદેશ દમણ-દીવ અને દાદરા નગર હવેલીમાં ગાજવીજ, વીજળીના ચમકારા, 40થી 50 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન અને હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે.

રાજ્યમાં ગુરુવારે વરસાદની માત્રા નહિવત રહી હતી, પરંતુ છેલ્લા 24 કલાક દરમિયાન 22 તાલુકાઓમાં વરસાદ નોંધાયો હતો. તેમાં સુરેન્દ્રનગર જિલ્લાના સાયલામાં સૌથી વધુ 2.32 ઈંચ અને મહીસાગર જિલ્લાના કડાણામાં 1 ઈંચ વરસાદ નોંધાયો હતો. રાજ્યમાં ગરમીનો પણ પ્રકોપ યથાવત રહ્યો હતો. રાજકોટમાં રાજ્યનું સૌથી વધુ 43 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન નોંધાયું હતું. જ્યારે અમરેલીમાં 42 ડિગ્રી, કંડલા એરપોર્ટ અને ડીસામાં 41 ડિગ્રી, અમદાવાદ અને ગાંધીનગરમાં 40 ડિગ્રી, સુરેન્દ્રનગરમાં 40.5 ડિગ્રી તથા ભાવનગર, વલ્લભ વિદ્યાનગર અને ભૂજમાં 39 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી સાત દિવસ દરમિયાન મહત્તમ તાપમાનમાં કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી. અમદાવાદમાં સામાન્ય રીતે વાદળછાયું વાતાવરણ રહેવાની સાથે ગાજવીજ અને વીજળીના ચમકારા સાથે હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે. શહેરનું મહત્તમ તાપમાન 40 ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. હવામાન વિભાગે 5 જૂન માટે ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, પાટણ, મહેસાણા, ગાંધીનગર, અમદાવાદ સહિતના જિલ્લાઓ તેમજ દક્ષિણ ગુજરાતના વડોદરા, ભરૂચ, સુરત, નવસારી, વલસાડ, ડાંગ અને તાપી જિલ્લામાં વરસાદની આગાહી કરી છે. સૌરાષ્ટ્રના રાજકોટ, અમરેલી, ભાવનગર, જૂનાગઢ, ગીર સોમનાથ, મોરબી સહિતના જિલ્લાઓમાં પણ હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે.

6 જૂને દક્ષિણ ગુજરાતના મોટાભાગના જિલ્લાઓ ઉપરાંત અરવલ્લી, પંચમહાલ, દાહોદ, મહીસાગર તેમજ સૌરાષ્ટ્રના અમરેલી, ભાવનગર અને ગીર સોમનાથ જિલ્લામાં વરસાદની સંભાવના છે. 7થી 11 જૂન દરમિયાન પણ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના વિસ્તારોમાં છૂટાછવાયા સ્થળોએ વરસાદી માહોલ યથાવત રહેવાની આગાહી કરવામાં આવી છે.

બીજી તરફ દક્ષિણ-પશ્ચિમ ચોમાસું વધુ આગળ વધ્યું છે અને 4 જૂન સુધીમાં કેરળ, લક્ષદ્વીપ, કર્ણાટકના કેટલાક ભાગો, તમિલનાડુ તેમજ અરબી સમુદ્ર અને બંગાળની ખાડીના વધુ વિસ્તારોને આવરી લીધું છે. આગામી બે થી ત્રણ દિવસમાં ચોમાસું ગોવા, મહારાષ્ટ્ર, આંધ્ર પ્રદેશ અને પૂર્વોત્તર ભારતના કેટલાક વિસ્તારોમાં આગળ વધવા માટે પરિસ્થિતિ અનુકૂળ હોવાનું હવામાન વિભાગે જણાવ્યું છે. હવામાન વિભાગે ગાજવીજ અને તેજ પવનની આગાહીને ધ્યાનમાં રાખીને ખેડૂતો, માછીમારો અને સામાન્ય નાગરિકોને સાવચેત રહેવા તેમજ જરૂરી તકેદારી રાખવા અપીલ કરી છે.

# 1 કરોડની લાંચ માંગણી કેસમાં રાજપીપળાના ડે.કલેક્ટરની ધરપકડ

**લાંબા** સમયથી ફરાર સસ્પેન્ડેડ વિજય ચૌહાણ અમદાવાદના આનંદનગરમાંથી ઝડપાયા

ગાંધીનગરઃ ગુજરાત લાંચ રૂશ્વત વિરોધી બ્યૂરો (ACB)એ લાંચની માંગણીના ગંભીર ગુનામાં સંડોવાયેલા અને લાંબા સમયથી નાસતા ફરતા રાજપીપળા કલેક્ટર કચેરીના સસ્પેન્ડેડ ડેપ્યુટી કલેક્ટર વિજય ઝીણાભાઈ ચૌહાણની ધરપકડ કરી છે.

ગાંધીનગર એસીબી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુના નંબર 10/2024 અંતર્ગત ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમની વિવિધ કલમો હેઠળ આ કાર્યવાહી કરવામાં આવી છે. એસીબીના જણાવ્યા મુજબ વિજય ચૌહાણ સહિત ચાર આરોપીએ અરજદાર પાસેથી કરોડોની લાંચની માંગણી કરી હોવાનો આરોપ છે.

તપાસ દરમિયાન બહાર આવેલી વિગતો અનુસાર, ભરૂચના રહેવાસી દૈશીક હરીશચંદ્ર પટેલે લવારા મસ્જીદની ખરીદેલી જમીન અંગે ગુજરાત રાજ્ય વકફ બોર્ડ દ્વારા ફરિયાદ દાખલ ન થાય તે માટે આરોપીઓએ શરૂઆતમાં 4 કરોડની લાંચની માંગણી કરી હતી. બાદમાં વાટાઘાટો દરમિયાન લાંચની રકમ ઘટાડીને 1 કરોડ નક્કી કરવામાં આવી હતી. જેમાંથી 11 લાખ તાત્કાલિક ચૂકવવા અને બાકીના 89 લાખ કામ પૂર્ણ થયા બાદ ચૂકવવાના નક્કી કરાયા હોવાનું એસીબીની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. આ કેસમાં ડેપ્યુટી કલેક્ટર વિજય ચૌહાણ ઉપરાંત ચેલારામ જેઠાલાલ પંચાલ, અર્જુન શિવલાલભાઈ જોશી અને પ્રકાશભાઈ મનસુખભાઈ નાકીયાને પણ આરોપી બનાવવામાં આવ્યા છે. તપાસમાં વધુ એક આરોપી મહંમદ હુસેન ઉર્ફે ચીનાભાઈ ગનીભાઈ ગાયકવાડ દ્વારા પણ અરજદારને વકફ બોર્ડના તત્કાલીન CEO સાથે બેઠક કરાવી આપવા બદલ 1.50 લાખની લાંચ માંગવામાં આવી હોવાનું સામે આવ્યું છે.

એસીબીના સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર તમામ આરોપીઓએ એકબીજાની મદદગારીથી અરજદાર પાસેથી પ્રથમ 4 કરોડ અને ત્યારબાદ 1 કરોડની લાંચ માંગીને ગુનો આચર્યો હોવાનું પ્રાથમિક તપાસમાં જણાયું છે. પોતાની ધરપકડ ટાળવા માટે ફરાર રહેલા વિજય ઝીણાભાઈ ચૌહાણને એસીબીની ટીમે ગુરુવારે બપોરે અમદાવાદના આનંદનગર વિસ્તારમાંથી ઝડપી લઈને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સ્મીમેરમાં મેડિકલ સ્ટોર્સની મુદત લંબાવવા દરખાસ્ત

**નવા** ટેન્ડર ન થાય ત્યાં સુધી સમય લંબાવા રજૂઆત, સમયગાળો પૂર્ણ થતાં બંને સ્ટોર્સને અગાઉ ત્રણ મહિનાનું એક્સટેન્શન અપાયું હતું

સુરતઃ સુરત મહાનગરપાલિકા સંચાલિત સ્મીમેર હોસ્પિટલમાં કાર્યરત જનરિક અને નોન-જનરિક મેડિકલ સ્ટોરોના કરારની મુદત પૂર્ણ થઈ ગઈ હોવા છતાં, નવી ટેન્ડર પ્રક્રિયા હજી સુધી પૂરી થઈ શકી નથી. હોસ્પિટલમાં સારવાર માટે આવતા દર્દીઓને દવાઓ મેળવવામાં કોઈ મુશ્કેલી ન પડે અને હોસ્પિટલનું રોજિંદું સંચાલન ખોરવાય નહીં તે હેતુથી હાલના ઈજારદારોને જ વધુ સમય માટે કામગીરી ચાલુ રાખવા દેવાની મંજૂરી માટેની દરખાસ્ત તૈયાર શાસકો સમક્ષ મુકવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે વર્ષ 2022માં ઓનલાઈન ટેન્ડર દ્વારા જનરિક મેડિકલ સ્ટોર માટે 'ઓમ ફાર્મસી' અને નોન-જનરિક માટે 'બીટલ હેલ્થકેર'ની બે વર્ષ માટે પસંદગી કરાઈ હતી. ત્યારબાદ કરાર મુજબ મુદત લંબાવ્યા પછી પણ સમયગાળો પૂર્ણ થતાં બંનેને અગાઉ ત્રણ મહિનાનું એક્સટેન્શન અપાયું હતું, જેની મુદત પણ 12 મે, 2026ના રોજ પૂર્ણ થઈ ગઈ હતી.

નવી વ્યવસ્થાના ભાગરૂપે એક્ઝિક્યુટિવ કમિટીમાં કેટલીક સરકારી એજન્સીઓ મારફતે જનરિક દવાઓ ઉપલબ્ધ કરાવવાની સંભાવનાઓ તપાસવામાં આવી હતી, પરંતુ અંતે નવેસરથી ટેન્ડર બહાર પાડવાની પ્રક્રિયા આગળ ધપાવવામાં આવી છે. હવે જ્યાં સુધી નવા ઈજારદારોની સત્તાવાર નિમણૂક ન થાય ત્યાં સુધી દર્દી સેવામાં ખલેલ ન પહોંચે તે માટે 'ઓમ ફાર્મસી'ને 13 મેથી 31 મે, 2026 સુધી તથા 'બીટલ હેલ્થકેર'ને 13 મે થી 30 જૂન, 2026 સુધી અથવા નવા ઈજારદાર ચાર્જ ન સંભાળે ત્યાં સુધી કામગીરી ચાલુ રાખવાની ભલામણ કરાઈ છે. આ વચગાળાની નવી મુદત દરમિયાન તંત્ર દ્વારા બંને ઈજારદારો પાસેથી અગાઉ કરતાં વધુ ભાડું વસૂલવામાં આવશે. સ્થાયી સમિતિની લીલી ઝંડી મળ્યા બાદ સ્મીમેર હોસ્પિટલમાં મેડિકલ સ્ટોરોની આ હાલની વ્યવસ્થા આગામી દિવસોમાં પણ ય થાવત રહેશે.

# પ્રજ્ઞાચક્ષુને મારનાર મહિલા PSIને સસ્પેન્ડ કરી દેવાયા

**અમદાવાદના** સોનલ રાઠોડ સામે ગુનો પણ દાખલ કરાયો

અમદાવાદ : અમદાવાદ શહેરના ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં મહિલા PSI સોનલ રાઠોડ દ્વારા એક પ્રજ્ઞાચક્ષુ આધેડને માર મારવામાં આવ્યો હોવાના મામલે ઉચ્ચ પોલીસ અધિકારીઓએ કડક કાર્યવાહી હાથ ધરી, અમદાવાદ ગ્રામ્ય એસપીએ મહિલા PSI સોનલ રાઠોડને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરી દીધા છે, તેમજ તેમની સામે ગુનો દાખલ કરાયો છે.

આ અંગે મળતી માહિતી પ્રમાણે શહેરના પંચવટી વિસ્તારમાં પીસીયુ ચલાવતા પ્રજ્ઞાચક્ષુ ગોપાલભાઈ દરજીને એક બાળકે તેમના ગલ્લા પાસે પેકેટ તોડ્યું હોવાની શંકા જતા ટપલી મારી હતી. આ ઘટનાને લઈને તેમને ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ખાતે પ્રજ્ઞાચક્ષુ ગોપાલભાઈને લાવવામાં આવ્યા હતા, જ્યાં તેમને સાત કલાકથી વધુ સમય સુધી બેસાડી રાખવામાં આવ્યા હતા. પોલીસ દ્વારા બાળકની માતા સમાધાન માટે આવી રહી હોવાનું કહી રાહ જોવડાવવામાં આવી હતી. બાદમાં સાંજના સમયે ચાંગોદરમાં ફરજ બજાવતી મહિલા PSI સોનલ રાઠોડ ગુજરાત યુનિવર્સિટી પોલીસ સ્ટેશન પહોંચી હતી અને "ક્યાં છે મારા છોકરાને મારનાર?" કહી પ્રજ્ઞાચક્ષુ ગોપાલભાઈ પર તૂટી પડી હતી. તેમણે ગોપાલભાઈને લાતો, લાફા અને લાકડીના ફટકા મારી ગંભીર ઈજા પહોંચાડી હોવાનું સામે આવ્યું છે.

મારપીટ બાદ ગોપાલભાઈને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ઘટનાના બીજા દિવસે હોસ્પિટલમાંથી રજા મળ્યા બાદ મહિલા PSI સોનલ રાઠોડ માફી માંગવા અને સમાધાન કરવા માટે ગોપાલભાઈના ઘરે પહોંચી હોવાનું પણ જાણવા મળ્યું છે. આ દરમિયાન તેમણે પોતે આ પ્રકારનું વર્તન કર્યું હોવાનું સ્વીકાર્યું હોવાના આક્ષેપો પણ સામે આવ્યા છે. આ સમગ્ર ઘટનાને લઈને લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને એક પ્રજ્ઞાચક્ષુ અને લાચાર વ્યક્તિ સાથે પોલીસ અધિકારી દ્વારા કરવામાં આવેલા કથિત અત્યાચારને લઈને અનેક સવાલો ઊભા થયા છે. નોંધનીય છે કે ઘટના બાદ 24 કલાકથી વધુ સમય સુધી પીડિતની ફરિયાદ નોંધવામાં આવી ન હોવાનું પણ સામે આવ્યું છે.

# વેસુમાં બેઝમેન્ટમાં લિફ્ટ અટકી જતાં બાળક સહિત 6 ફસાયા

**મોબાઈલ** નેટવર્ક પણ નહીં મળતા પોણા કલાક કરતાં પણ વધુ સમય સુધી ફસાયેલા રહ્યા



સુરતઃ ગત સાંજે વેસુ કેનાલ રોડ ખાતે આવેલા કોમ્પ્લેક્સના બેઝમેન્ટમાં લિફ્ટ અટકી ગઈ હતી. જેને કારણે બાળક સહિત છ વ્યક્તિ ફસાઈ ગયા હતા. ઘટનાને પગલે સ્થળ ઉપર અફરાતરફી સર્જાય ગઈ હતી. એટલું જ નહીં લિફ્ટની અંદર મોબાઈલનો નેટવર્ક પણ નહીં આવવાના લીધે પોણો કલાક ફસાયેલા રહ્યા હતા.

ફાયર વિભાગના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ વેસુ કેનાલ રોડ ખાતે ગેલોપિન કોમ્પ્લેક્સના -3 આવેલું છે. ગત સાંજે બેઝમેન્ટમાં લિફ્ટ અટકી ગઈ હતી. જેને કારણે એક બાળક સહિત છ લોકો અંદર ફસાય ગયા હતા. ઘટના અંગે જાણ કરવામાં આવતા ફાયર બ્રિગેડના જવાનોની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી અને રેસ્ક્યૂની કામગીરી શરૂ કરી હતી. વધુમાં સબ ફાયર ઓફિસર કિશોર પટેલે જણાવ્યું હતું લિફ્ટમાં કુલ છ લોકો ફસાયા હતા જેમાં રિધિમાં ચાવડા (ઉં.વ. 34), મેવાન્ટ ચાવડા (ઉં.વ.7), દિવ્યાંગ સરોલીયા (ઉં.વ.26), નંદિની શર્મા (ઉં.વ.26), કલ્પેશ પટેલ (ઉં.વ.43) નીતા પટેલ (ઉં.વ.38) અને 7 વર્ષના બાળકનો સમાવેશ થાય છે. એટલું જ નહી લિફ્ટની અંદર મોબાઈલ નેટવર્ક પણ મળતું ન હતું. જેના કારણે ફસાયેલા લોકો પોતાના પરિવારજનો કે અન્ય કોઈનો સંપર્ક કરી શક્યા ન હતા. લાંબા સમય સુધી અંદર જ રહેવું પડતાં તેઓમાં ગભરાટ ફેલાયો હતો. દરમિયાન તેઓએ બૂમાબૂમ કરતાં નજીકમાં રહેલા અન્ય વ્યક્તિએ અવાજ સાંભળ્યો હતો અને ફાયર કંટ્રોલ રૂમને જાણ કરી હતી. ફાયર બ્રિગેડની સમયસર કામગીરીના કારણે તમામ છ લોકોને માત્ર 10 મિનિટોમાં જ કોઈપણ પ્રકારની ઈજા વિના સુરક્ષિત રીતે બહાર કાઢવામાં સફળતા મળી હતી. ઘટનાને પગલે કોમ્પ્લેક્સમાં થોડા સમય માટે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો, પરંતુ રેસ્ક્યુ પૂર્ણ થતાં સૌએ રાહતનો શ્વાસ લીધો હતો.

# ઉધના ઝોનનો લાંચિયો જીગ્નેશ મોદી એક દિવસના રિમાન્ડ પર

**લાંચ** કેસમાં ઝોનના અન્ય અધિકારીની સંડોવણીની પણ તપાસ કરવામાં આવશે

સુરતઃ લાંચ માટે પંકાયેલા મનપાના આસિસ્ટન્ટ ઈજનેર જિજ્ઞેશ મોદીને 45 હજારની લાંચ લેતા પકડયા બાદ આજે કોર્ટમાં રજૂ કરી રિમાન્ડની માંગણી કરતા કોર્ટે શુક્રવાર એટલેકે એક દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. એસીબીએ ઘરે અને ઓફિસે સર્ચ કર્યું હતું પણ ત્યાં કંઈ હાથ લાગ્યું ન હતું. આ લાંચમાં ઉધના ઝોનના અન્ય અધિકારીની સંડોવણી હોવાની દિશામાં તપાસ શરૂ કરી છે.

એ.સી.બી.ની ટીમને ઉધના ઝોનના આસિસ્ટન્ટ ઈજનેર જિજ્ઞેશ નટવરલાલ મોદીને (ઉ.વ. ૫૫) પાણીની પાઈપલાઈન નાંખનાર કોન્ટ્રાક્ટર પાસે બિલ પાસ કરવા માટે લાંચ પેટે ૫૦ હજાર રૂપિયા માંગ્યા હતાં. જે લાંચ આપવા નહીં માંગતા કોન્ટ્રાક્ટરે એસીબીનો સંપર્ક કર્યો હતો. લાંચ રૂસ્વત વિરોધી શાખાએ તેને રંગે હાથે ઝડપી લીધો હતો. આજે એસીબીએ જિજ્ઞેશ મોદીને કોર્ટમાં રજૂ કર્યો હતો. કોર્ટે એસીબી પોલીસના 10 રિમાન્ડ મુદ્દા સાંભળી જિજ્ઞોશના એક દિવસના એટલે કે શુક્રવાર સુધીના રિમાન્ડ મંજૂર કર્યા છે. રિમાન્ડ દરમિયાન લાંચિયા જીગ્નેશ મોદી ઘરે અને ઓફિસે સર્ચ હાથ ધર્યું હતું પણ પોલીસે ખાલી હાથે પાછું આવું પડ્યું હતું.

આ લાંચમાં અન્ય ઉપરી અધિકારીઓનો પણ ભાગ બટાઈ હોવાની શંકા લઈ વધુ તપાસ હાથ ધરી છે. જોઈ કોઈ અન્ય અધિકારીની સંડોવણી બહાર આવશે તો તેને પણ આ ગુનામાં આરોપી બનાવવામાં આવશે.

# પ્રેમીએ યુવતીના ફોટા ઈન્સ્ટા પર 'માય વાઈફ' લખી વાયરલ કર્યા

**ભાઈ** સાથેના હિસાબના 1 લાખની માંગી જાનથી મારી નાખવાની ધમકી આપી

સુરતઃ અમરોલીમાં રહેતી યુવતીના અગાઉ લીધેલા ફોટા પર પ્રેમીએ 'માય વાઈફ' લખીને સોશિયલ મીડિયા પર વાયરલ કરી તેને બદનામ કરી હતી. આ હરકત બાદ મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, અમરોલી વિસ્તારમાં રહેતી ૨૫ વર્ષીય અલ્પાબેન (નામ બદલ્યું છે) નામની યુવતીને આજથી આશરે પાંચ મહિના પહેલાં તેના ભાઈના મિત્ર ગૌતમ મધુભાઈ કિડેચા (રહે., મોમાઈ રેસિડેન્સી, ઉમરા વેલંજા, સુરત) સાથે ઈન્સ્ટાગ્રામ મારફતે સંપર્ક થયો હતો. ધીમે-ધીમે આ સંપર્ક પ્રેમસંબંધમાં પરિણમ્યો હતો. ગૌતમે પોતાના મોબાઈલમાં બંનેના ફોટા પાડ્યા હતા. બે મહિના પહેલાં ગૌતમે સામાજિક રીતે લગ્નનો પ્રસ્તાવ યુવતીના પિતા સમક્ષ મૂક્યો હતો. ગૌતમ અગાઉ પરણેલો હતો અને તેના છૂટાછેડા થઈ ચૂક્યા છે, એટલું જ નહીં તેની સામે અગાઉ પોલીસ કેસ પણ થયો હોવાની હકીકત સામે આવતા યુવતી અને તેના પિતાએ લગ્ન કરવાની સ્પષ્ટ ના પાડી દીધી હતી.

લગ્નની ના પાડતા જ આરોપી ગૌતમ કિડેચા ઉશ્કેરાઈ ગયો હતો અને યુવતીને લગ્ન કરવા માટે દબાણ કરી ફોટા વાયરલ કરવાની ધમકી આપવા લાગ્યો હતો. દરમિયાન ગત ૨૩ મે ૨૦૨૬ના રોજ આરોપીએ પોતાની ઈન્સ્ટાગ્રામ આઈડી kidechaGautam પર યુવતીના ફોટા મૂકી, તેની નીચે 'MY WIFE' લખીને સોશિયલ મીડિયા પર વાયરલ કરી યુવતીને સમાજમાં બદનામ કરી હતી. યુવતીનો ભાઈ અને ગૌતમ સાથે કામ કરતા હોય, હિસાબની લેતી-દેતી પેટે ગૌતમને રૂપિયા આપવાના બાકી નીકળતા હતા. આ બાબતનો ફાયદો ઉઠાવી આરોપી ગૌતમે ૨૩ મે ના રોજ યુવતીના ભાઈને વોટ્સએપ પર મેસેજ કરી 'એક લાખ રૂપિયા ક્યારે આપે છે?' તેમ કહી ઉઘરાણી શરૂ કરી હતી. એટલું જ નહીં, પંદર દિવસ પહેલાં આરોપી યુવતીના ઘર પાસે ધસી આવ્યો હતો અને હિસાબના ૧ લાખ રૂપિયા માંગી યુવતીના ભાઈ તેમજ પિતાને જાહેરમાં ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ મામલે પીડિત યુવતીએ આખરે અમરોલીનો સંપર્ક સાધતા પોલીસે આરોપી ગૌતમ મધુભાઈ કિડેચા વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ આદરી છે.

## અનુસંધાન ... પાના છેલ્લાનું

### ભાગીદારના...

ફરિયાદ પક્ષે મદદનીશ જિલ્લા સરકારી વકીલ તેજસ અશોકભાઇ પંચોલીએ આ કેસમાં દલીલ કરી હતી.

આ કેસની હકીકત મુજબ આરોપી બેચરભાઈ ભગવાનભાઈ કાકડિયાએ કૌટુંબિક ઝઘડામાં વર્ષ 1999માં વરાછા ખાતે રહેતા સાળા શાંતિલાલ ઉપર એસીડ નાંખી તેની હત્યા કરી નાંખી હતી. આ કેસમાં કોર્ટે આજીવન કેદની સજા ફટકારી હતી. ત્યારબાદ વર્ષ 2004માં પેરોલ પર બહાર આવ્યો હતો તેણે પત્ની અને સાળા ઉપર એસિડ એટેક કર્યો હતો.આરોપી લાજપોર જેલમાં હતા ત્યારે અન્ય કોઇ કેસમાં સજા ભોગવતા ત્યારે કિર્તીભાઇ દોશી પણ જેલમાં હોવાથી બંને વચ્ચે ઓળખાણ થઇ હતી. આજીવન કેદમાં વહેલી સજામુક્તિ મળ્યા બાદ બેચર કાકડિયા જેલની બહાર આવ્યો તો અને તેણે કિર્તીભાઇ દોશી સાથે ભાગીદારીમાં જરીનો ધંધો શરુ કર્યો હતો. જેને માટે બેચરભાઇએ તેમને રૂપિયા આપ્યા હતા જે તેમણે પરત નહીં આપતા બેચર કાકડિયાએ લખાણી ટ્રેડર્સમાંથી હીરા બોઇલ કરવાનું એસિડ ખરીદી 28 માર્ચ 2019ના રોજ કિર્તી દોશીના પુત્ર યશના માથા પર એસિડ નાંખી દીધું હતું. એટલું જ નહીં ત્યારબાદ તેને કટરનાઘા મારી તેની હત્યા કરી નાંખી હતી. જેથી પાંડેસરા પોલીસે હત્યાનો ગુનો નોંધી તેની ધરપકડ કરી હતી.

આ કેસમાં પીઆઇ. કે.બી.ઝાલાએ તપાસનાં અંતે તા.18 /06/2019 નાં રોજ ચાર્જશીટ ફાઇલ કરી હતી. આ કેસની ન્યાયિક કાર્યવાહી એડિશનલ સેશન્સ કોર્ટમાં ચાલી હતી. ફરિયાદ પક્ષે સરકારી વકીલ તેજસ પંચોલીએ ગુન્હાની ગંભીરતા, આરોપીનો ગુન્હાહિત ઇતિહાસ-માનસિકતા સમાજ માટે ખતરારૂપ તેમજ મેડીકલ, એફ.એસ.એલ., વિડીયો ફુટેજ, પોલીસ વિટનેસ તેમજ પી.એમ.કરનાર ડોક્ટરના પુરાવા, નજરે જોનાર સાહેદોનાં પુરાવાને ધ્યાને રાખી ફાંસીની સજા ફરમાવવા રજૂઆત કરી હતી. બંને પક્ષની દલીલો સાંભળ્યા બાદ આરોપીનો ગુન્હાહિત ઇતિહાસ અને આરોપીના અગાઉના ગુન્હાની સજા તેમજ પુરાવા ધ્યાને લઇ ચોથા અધિક જિલ્લા અને સત્ર ન્યાયાધીશ જયેશકુમાર લક્ષ્મણભાઇ શ્રીમાળીએ આરોપી બેચરભાઇ ભગવાનભાઇ કાકડિયાને તકસીરવાર ઠેરવી ફાંસીની સજા અને પચાસ હજાર રૂપિયા દંડ ફટકાર્યો હતો. તેમજ ગુજરાત વિક્ટિમ કમ્પનશેસન સ્કીમ 2019ની જોગવાઇ અનુસાર મૃતકના વારસદારો તથા ઇજા પામનારને કાયદા મુજબ વળતર ચૂકવવા માટે હુકમ કર્યો હતો.

### હાલની ફાંસીની...

દબાવી હત્યા કરી દીધી હતી. કોર્ટે માત્ર ૨૯ દિવસમાં જ આ કેસમાં ઐતિહાસિક ફાંસીનો ચુકાદો આપ્યો હતો.

૫. ગોડાદરા સાડા ત્રણ વર્ષની બાળકીનો કેસ (૨૦૧૯): ગુનેગારઃ અનિલ યાદવ, ઘટનાઃ ઓક્ટોબર ૨૦૧૮માં ગોડાદરા (લિંબાયત) વિસ્તારમાં પાડોશમાં રહેતી સાડા ત્રણ વર્ષની માસૂમ બાળકી પર નરાધમે દુષ્કર્મ ગુજાર્યું હતું અને બાળકી રડવા લાગતા તેનું ગળું દબાવી હત્યા કરી લાશ કોથળામાં સંતાડી દીધી હતી. આ કેસમાં સુરત કોર્ટ બાદ ગુજરાત હાઈકોર્ટે પણ ફાંસીની સજા મંજૂર રાખી હતી.

૬. પુણા વિસ્તાર ફૂટપાથ બાળકી કેસ (૨૦૨૨): ગુનેગારઃ રામપ્રસાદ ઉર્ફે લલનસિંહ ગૌણ, ઘટનાઃ એપ્રિલ ૨૦૨૨માં પુણા વિસ્તારમાં ફૂટપાથ પર પરિવાર સાથે સૂતેલી ૩ વર્ષની બાળકીનું અપહરણ કરી, બસ પાર્કિંગની અવાવરુ જગ્યાએ લઈ જઈ દુષ્કર્મ આચરી તેની હત્યા કરી દેવાઈ હતી. કોર્ટે ગુનાની ગંભીરતા જોઈ ફાંસીની સજાનો હુકમ કર્યો હતો.

૭. સચિન મા-દીકરી ડબલ મર્ડર કેસ (૨૦૨૨): ગુનેગારઃ હરસહાય રામરાજ ગુર્જર, ઘટનાઃ વર્ષ ૨૦૧૮માં ઘરકામ કરવા લાવેલી મહિલાની ગળે ટૂંપો આપી હત્યા કર્યા બાદ, તેની અગિયાર વર્ષની સગીર પુત્રી પર બળાત્કાર ગુજારી તેને પણ મોતને ઘાટ ઉતારી દેવામાં આવી હતી. આ ડબલ મર્ડર કેસમાં બારડોલી (સુરત) કોર્ટે મુખ્ય આરોપીને ફાંસી આપી હતી.

૮. સગા પિતા દ્વારા પુત્રી પર દુષ્કર્મ અને હત્યા (૨૦૨૦): ગુનેગારઃ પીડિતાનો સાવકો/સગો પિતા, ઘટનાઃ વર્ષ ૨૦૧૭માં એક નરાધમ પિતાએ પોતાની ૧૪ વર્ષની દીકરી પર સતત બળાત્કાર ગુજાર્યો હતો. દીકરી ગર્ભવતી બનતા અને તે પિતાનું નામ જાહેર ન કરે તે માટે પિતાએ જ તેની ગળું દબાવી ક્રૂરતાપૂર્વક હત્યા કરી લાશ ફેંકી દીધી હતી. કોર્ટે તેને નરાધમ ગણાવી ફાંસી ફટકારી હતી

### પીએમના કાર્યક્રમના...

બિલકુલ સામે જ રસ્તા પર એક મોટો ભૂવો પડી જતાં તંત્રમાં અફરાતફરીનો માહોલ સર્જાયો છે. વીવીઆઈપી પ્રવાસના ગણતરીના કલાકો પહેલાં જ સભા સ્થળની બિલકુલ નજીક સર્જાયેલી આ પરિસ્થિતિને પગલે સુરત મહાનગરપાલિકાના અધિકારીઓ સ્થળ પર દોડી આવ્યા હતા અને તાબડતોબ રિપેરિંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી.

### પ્રિ-મોન્સુન...

પ્રિ-મોન્સૂન કામગીરીની પોલ ખુલ્લી પાડી દીધી છે. સામાન્ય રીતે ચોમાસા દરમિયાન ભારે વરસાદના કારણે ભૂગર્ભ ડ્રેનેજ લાઈનો કે પાણીની પાઈપલાઈનોમાં લીકેજ થવાથી રસ્તાઓ બેસી જવાની અને ભૂવા પડવાની ઘટનાઓ સામે આવતી હોય છે. પરંતુ હાલમાં શહેરમાં હજુ સુધી ચોમાસાની સત્તાવાર શરૂઆત થઈ નથી કે કોઈ નોંધપાત્ર વરસાદ પણ નોંધાયો નથી. વરસાદની ગેરહાજરી હોવા છતાં, શહેરના અત્યંત વીઆઈપી ગણાતા અઠવાલાઇન્સ વિસ્તારના મુખ્ય માર્ગ પર આ પ્રકારે ભૂવો પડવો એ ક્યાંક ને ક્યાંક નબળી ગુણવત્તાના કામ અથવા ભૂગર્ભ લાઈનોના અપૂરતા મેઈન્ટેનન્સ તરફ આંગળી ચિંધે છે. સ્થાનિક સ્તરે આ વિષય અત્યારે ભારે ચર્ચાનો કેન્દ્ર બન્યો છે કે જો સામાન્ય દિવસોમાં આ સ્થિતિ હોય, તો આગામી ચોમાસામાં સામાન્ય જનતાને કેવી હાલાકીનો સામનો કરવો પડી શકે છે.

### વડાપ્રધાન બન્યા...

મુલાકાત લેશે. આવતીકાલની મોદીની મુલાકાતમાં તેમની સાથે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પણ પ્રોજેક્ટોના લોકાર્પણ અને શિલાન્યાસના કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

### મોદી આજે...

મોડી સાંજ સુધી આયોજિત થનારા આ કાર્યક્રમ બાદ વડાપ્રધાન રાત્રિ રોકાણ દમણમાં કરે તેવી પ્રબળ સંભાવનાઓ પણ હાલ વર્તાઈ રહી છે.